### ફ્યુઝમાં સ્પાર્ક થયા બાદ વીજ વાયરો સળગતા ધુમાડો આસપાસમાં ફેલાયો

# સયાજીગંજ પ્રોફિટ સેન્ટરના બેઝમેન્ટમાં ભીષણ આગ, બાજુની હોટલના સ્ટાફે યુદ્ધના ધોરણે બુઝાવી

ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી કુલિંગની કામગીરી હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં રવિવારે બપોરે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કાલાઘોડા સામે રાજશ્રી ટોકીઝ પાસે આવેલ પ્રોફિટ સેન્ટરના બેઝમેન્ટમાં આગ લાગતા બાજુની હોટેલમાં ધુમાડો પ્રસરતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર પ્રોફિટ સેન્ટરના બેઝમેન્ટમાંથી પસાર થતા વીજવાયરોમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. જેના કારણે સમગ્ર વાયરિંગ બળીને ખાખ થઈ ગયું હતું. આગની જાણ થતા જ બાજુમાં આવેલી પ્રેસિડેન્ટ હોટલમાં પણ ધુમાડો ફરી વળતા હોટલમાં હાજર ગ્રાહકો તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા.

હોટલના સંચાલકે જણાવ્યું કે બપોરે 1 વાગ્યાની આસપાસ હોટલમાં ફાયર એલાર્મ વાગ્યું હતું. અમે અમારાથી બનતા તમામ પ્રયાસો કર્યા અને અમારા સાધનો વડે આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. માહિતી મળતા જ ફાયરના બે ફાયર ટેન્કર સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. સાથે જ કુલિંગ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. જેથી આગ વધુ ન ફેલાય. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને એમજીવીસીએલની ટીમ પણ દોડી આવી હતી. એમજીવીસીએલ દ્વારા સેન્ટરનું વીજ જોડાણ તાત્કાલિક બંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, પ્રોફિટ સેન્ટરના બેઝમેન્ટમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા નથી. પાર્કિંગની જગ્યાએ દીવાલો ચણી દેવામાં આવી છે અને પાર્કિંગનો પણ અભાવ છે. આ પહેલીવાર નહીં પરંતુ બીજી વખત આ પ્રકારનો બનાવ બન્યો છે. નાગરિકોએ ફાયર બ્રિગેડના તંત્ર દ્વારા સખત કાર્યવાહી કરવાની માંગ કરી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## એમજી રોડ પર દેરાસરની ખડકીના મકાનના બીજા માળે આગ લાગતા તંત્રમાં દોડધામ

( પ્રતિનિધિ )વડોદરા,તા.9
વડોદરા શહેરના એમજી રોડ પર આવેલા જૈન દેરાસરની પાછળ આવેલી ખડકીના એક મકાનના બીજા માળે ગત મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. જેના કારણે આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. સદનસીબે મકાનમાં કોઈ હાજર નહિ હોવાથી જાનહાનિ થતા ટળી હતી. મકાનમાંથી અચાનક ધુમાડો નીકળતો જોતા સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી હતી. માહિતી મળતા જ બદામડી બાગ ફાયર સ્ટેશનથી જમાદાર સલીમ શેખ સ્ટાફ સાથે તેમજ સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી કામગીરી શરૂ કરી હતી. આગની ઘટના અંગેની વાત ફેલાતા આસપાસના રહીશો પણ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. મકાનના બીજા માળે રાખવામાં આવેલા કાગળિયા અને ફાઈલોમાં કોઈ કારણસર આગ લાગી હતી.

### કેમિકલયુક્ત પ્રદૂષણથી મોત કે બહારથી મૃત માછલીઓ ફેંકી દેવાઈ?

# વિશ્વામિત્રી નદીમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ તણાઈ આવી

દરિયાઈ પ્રજાતિઓ મળતાં અનેક સવાલો; પાણીના સેમ્પલ ટેસ્ટિંગ માટે મોકલાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી અને શહેરની ઓળખ સમી વિશ્વામિત્રી નદી કિનારે તણાઈ આવેલી માછલીઓમાં અલગ-અલગ પ્રજાતિઓ જોવા મળી રહી છે. આશ્ચર્યજનક અને ચોંકાવનારી બાબત એ છે કે નદીના મીઠા પાણીમાં કેટલીક દરિયાઈ પ્રજાતિની માછલીઓ પણ મૃત હાલતમાં મળી આવી છે.

આ ઘટનાને પગલે જીવદયા પ્રેમીઓ દ્વારા ગંભીર આશંકાઓ સેવવામાં આવી રહી છે. વિશ્વામિત્રી નદીમાં આ પ્રકારે સામૂહિક રીતે માછલીઓ મૃત્યુ પામવાની આ કોઈ પ્રથમ ઘટના નથી; આશરે બે વર્ષ અગાઉ પણ આ જ પ્રકારે વિશ્વામિત્રીમાં મોટી સંખ્યામાં માછલીઓના મોતના બનાવો સામે આવ્યા હતા. વિશ્વામિત્રી નદીમાં ગેરકાયદેસર ડ્રેનેજ જોડાણો, મ્યુનિસિપલ કોર્પોરેશનનું શુદ્ધ કર્યા વિનાનું ગંદુ પાણી અને આસપાસના ઔદ્યોગિક એકમોનું કેમિકલયુક્ત ઝેરી પ્રવાહી સીધું ખાલી કરવામાં આવતું હોવાની ફરિયાદો છાસવારે ઉઠતી રહે છે. પ્રાથમિક દ્રષ્ટિએ નદીના પાણીમાં ઝેરી દ્રવ્યો કે પ્રદૂષણ વધી જવાને કારણે ઓક્સિજનનું પ્રમાણ ઘટવાથી માછલીઓ ગૂંગળાઈને મૃત્યુ પામી હોવાની આશંકા સેવાઈ રહી છે. બીજી તરફ, દરિયાઈ માછલીઓ પણ મળી આવતાં એવી શક્યતા પણ નકારી શકાતી નથી કે કોઈ અજાણ્યા શખ્સો કે વેપારીઓ દ્વારા બહારથી મૃત માછલીઓ લાવીને નદીના પટમાં રાતોરાત ઠાલવી દેવામાં આવી હોય. આ માછલીઓ નદીના પ્રદૂષિત પાણીને કારણે મૃત્યુ પામી છે કે પછી બહારથી ફેંકવામાં આવી છે તે દિશામાં પણ તપાસ જરૂરી બની છે. ઘટનાની જાણ થતાં જ જીવદયા પ્રેમીઓ અને પર્યાવરણવિદોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરીને કડક કાર્યવાહીની માગ કરી છે.

### ઉમેટા બ્રિજ પરથી નદીમાં કૂદી પડવાના બે બનાવો

# રિક્ષાચાલક અને બાઈકચાલકે ઝંપલાવ્યાની આશંકા વ્યક્ત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.230
વડોદરા શહેરની નજીક આવેલા ઉમેટા બ્રિજ પરથી નદીમાં કૂદી પડવાના બે ગંભીર બનાવો સામે આવતા ચકચાર મચી જવા પામી છે. બ્રિજ પરથી વ્યક્તિઓ દ્વારા નદીમાં ઝંપલાવવાના બનાવ અંગે જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક અસરથી દોડતી થઈ ગઈ હતી. બપોરના સુમારે ઉમેટા બ્રિજ પર એક રિક્ષાચાલક પોતાની રિક્ષા બ્રિજ પર મૂકીને નીચે નદીમાં કૂદી પડ્યો હોવાની માહિતી મળી હતી. બનાવ અંગે સંદેશ મળતા જ વાસણા ફાયર સ્ટેશનની ટીમના ફાયર ઓફિસર સુરેશ વાઘેલા સહિતના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક વિગતો મુજબ, રિક્ષાચાલકે બ્રિજ પર રિક્ષા ઉભી રાખીને પોતાના ચંપલ કાઢી નાખ્યા હતા અને ત્યારબાદ નદીમાં કૂદી પડ્યો હતો. આ ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ટીમે બોટની મદદથી સતત ત્રણ કલાક સુધી નદીના પાણીમાં સઘન શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ વ્યક્તિનો પત્તો લાગ્યો ન હતો. બનાવ સ્થળે પોલીસ પણ આવી પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. જાણવા મળ્યા મુજબ, રિક્ષાચાલક વડોદરાના ગોત્રી વિસ્તારનો હોવાની પ્રાથમિક વિગતો ફાયર બ્રિગેડને મળી છે. આ સિવાય રાત્રિના સમયે પણ ઉમેટા બ્રિજ પરથી એક બાઈકચાલક નદીમાં કૂદી પડ્યો હોવાનો બીજો બનાવ ચર્ચામાં રહ્યો છે.

# વડોદરામાં પોલીસ મથકની બહાર જ નોટોનો વરસાદ થયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.30
વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં માતાજીની આગમન સવારી દરમિયાન પોલીસ મથકની બહાર જ નોટોનો વરસાદ થતા ભક્તો આશ્ચર્યચકિત થયા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

મળતી માહિતી અનુસાર પાણીગેટ વિસ્તારમાં સપના માસીના દશા માતાજીની પ્રતિમાની આગમન સવારીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. આગમન યાત્રા દરમિયાન એક ભાવીભક્ત દ્વારા આયોજક સપના માસી પર ચલણી નોટોનો વરસાદ કરવામાં આવ્યો હતો. નોટો હવામાં ઉડતા જ યાત્રામાં જોડાયેલા ભક્તોમાં નોટો લેવા માટે પડાપડી કરી હતી. આ ઘટના પોલીસ મથકની બહાર બની હોવાથી આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો કોઈએ મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં મૂકતા તે વાયરલ થયો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

## નંદેસરી GIDCમાંથી 11.24 ગ્રામ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

વડોદરા : નંદેસરી GIDC વિસ્તારમાં ગેરકાયદેસર ગાંજાની હેરાફેરી સામે પોલીસે કાર્યવાહી કરી એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે તા.8 ઓગસ્ટના રોજ બપોરે 2.40 વાગ્યે દીપક ચોકડીથી મલ્ટીકેમ કંપની તરફ જતા રોડ પર કોરોમંડલ કંપની પાછળની દિવાલના ગેટ પાસે દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન ગોપાલસિંહ અમરસિંહ ચૌહાણ (ઉં.વ.67) ( રહે. નંદેસરી, મૂળ અંગુઠણ ગામ, ડભોઈ) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી સીલબંધ ડબ્બામાંથી નેટ વજન 11.24 ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. ઉપરાંત મોબાઈલ ફોન, રોકડા રૂ.4,090 અને અન્ય સામગ્રી મળી રૂ.9,902નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીએ ઈસ્માઈલ નામના શખ્સ પાસેથી ગાંજો ખરીદ્યો હોવાની વિગતો સામે આવી છે. પોલીસે NDPS એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ

# નસવાડી-ખોખરા માર્ગ પર પુલના છેડે પડેલો ભુવો બન્યો જીવલેણ

(પ્રતિનિધિ) નસવાડી, તા.9
નસવાડી તાલુકાના વાડિયા ગામથી ખોખરા તરફ જતા માર્ગ પર આવેલા એક નાના પુલના છેડે મોટો ભુવો પડતાં વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. છેલ્લા કેટલાક સમયથી પડેલો આ ભુવો વરસાદના કારણે ધીમે ધીમે મોટો થઈ રહ્યો હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા હજુ સુધી તેની મરામત કરવામાં આવી નથી ખોખરા તરફથી વાડિયા તરફ આવતા માર્ગ પર પુલ પહેલાં રસ્તો ઢાળવાળો છે આવી સ્થિતિમાં વાહનચાલકો ઢાળ ઉતરીને પુલ તરફ આવતા હોય ત્યારે પુલના છેડે પડેલો ભુવો નજીક પહોંચ્યા બાદ જ નજરે પડે છે ખાસ કરીને રાત્રિના સમયે અથવા વરસાદ દરમિયાન ભુવો દેખાતો ન હોવાથી વાહનચાલક અચાનક તેમાં ખાબકી જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો કોઈ વાહનચાલક



ઢાળ ઉતરતી વખતે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવે તો પુલના છેડે પડેલા આ ભુવામાં વાહન ખાબકી ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે જેના કારણે આ સ્થળે કોઈ જાનહાનિ થાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી છે આ રસ્તો પંચાયત માર્ગ અને મકાન વિભાગ હેઠળ આવતો હોવાથી સંબંધિત અધિકારીઓ દ્વારા સ્થળની તાત્કાલિક મુલાકાત લઈ ભુવાની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવે અને અકસ્મતની રાહ જોવાને બદલે તેનું પુરાણ કરી રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનો દ્વારા માંગ ઉઠી છે.

## ઓટોરિક્ષામાં મહિલાની નજર ચૂકવી રૂ.96 હજારની સોનાની બુટ્ટી ચોરનાર મહિલા ઝડપાઈ

વડોદરા : એમ.જી. રોડ પર આવેલી હરિ કૃષ્ણ જવેલર્સમાંથી રૂ.96 હજારની સોનાની બુટ્ટીની જોડી ખરીદી હતી. દરમિયાન સાંજે છથી સાડા છ વાગ્યાના અરસામાં ફરિયાદી પાસે પેસેન્જર તરીકે બેઠેલી અજાણી મહિલાએ નજર ચૂકવી તેમની થેલીમાં બ્લેડ મારી સોનાની બુટ્ટીની જોડી ચોરી કરી લીધી હતી. પોલીસ દ્વારા CCTV ફૂટેજ તેમજ હ્યુમન સોર્સના આધારે તપાસ કરવામાં આવી રહી હતી. દરમિયાન બાતમીના આધારે તરસાલીથી સોમાતળાવ રોડ પર અમર શ્રદ્ધા વુડાના મકાન તરફ જવાના રસ્તા પાસે ખુલ્લા મેદાનમાંથી જુલીબેન પરષોત્તમ દેવીપુજકને ઝડપી પાડી હતી.

























